## ગોવિંદાઓની મટકીફોડની તૈયારી શરૂ



આઠમના દિવસે સુરતમાં ઠેર ઠેર મટકીફોડનો કાર્યક્રમ યોજાઇ છે ત્યારે સુખાનંદ વ્યાયામ શાળામાં તેની પ્રેક્ટિસ શરૂ થઇ ગઇ છે. **(તસવીર : હેમંત ડેરે)**

# ૩.૬૬ કરોડની ઠગાઈનો આરોપી દુબઈમાં મેનેજર બની ગયો હતો

**ખોટા** દસ્તાવેજના આધારે ફ્લેટ સંબંધીને વેચી માર્યો હતો

સુરતઃ ઈચ્છાપોરમાં ફેક્ટરી ધરાવતા વૃદ્ધ વેપારી સાથે ઠગાઇ કરનાર ઉપવન ઉર્ફે બંટી પવનકુમાર જૈન (રહે. કીંગસ્ટોન એપાર્ટમેન્ટ ગ્રીનસીટી સામે ભાઠા, મુળ. રાજસ્થાન)ને દુબઈથી પકડી લાવી હતી.આરોપી દુબઈમાં એક પ્રાઈવેટ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે અડાજણ કરણ પાર્કમાં રહેતાં ૬૨ વર્ષીય ગ્યાનચંદ બજરંગલાલ જૈન તેમના પુત્ર અને પૌત્ર સાથે ઈચ્છાપોરમાં પ્લાસ્ટિકના દાણાની ફેક્ટરી ધરાવે છે. જેની ઓફિસ અડાજણ વિસ્તારમાં છે. ૨૦૧૯માં તેમના મિત્રનો પુત્ર અને જ જ્ઞાતિનો ઉપવન ઉર્ફે બંટી પવનકુમાર જૈન (રહે. કિંગસ્ટોન એપા., પાલ) ઘરે આવ્યો હતો. વેસુ વી.આઈ. પી. રોડ ઉપર પોતાની ફાઈનાન્સની ઓફિસ હોવાનું કહેતા ઉપવને વી. આઈ.પી. પ્લાઝામાં આવેલી ૧.૩૦ કરોડની દુકાન માત્ર ૭૦ લાખમાં પરિચિત દલાલ હસ્તક મળી જશે તેમ કહી રોકાણ માટે આ દુકાન ખરીદવાની ઓફર કરી હતી.આ દુકાન બાદ પીપલોદમાં રિવર પેલેસ, યુનિવર્સિટી રોડ, લિજેન્ડ બિલ્ડિંગ અને વેસુમાં કેસલ બ્રાઉનમાં ફ્લેટમાં રોકાણ કરવાનું કહી કુલ ૩.૬૬ કરોડ લઈ લીધા હતા. પોતે ખરીદનાર હોઈ રજિસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ આવવું જરૂરી નથી તેમ કહી આ ચારેય મિલકતોના દસ્તાવેજ ઘરે આપી ગયો હતો. ડિસેમ્બર-૨૧માં આ વેપારીનો પરિવાર પીપલોદ રિવર પેલેસમાં રહેવા જવા પહેલાં ફ્લેટની સફાઈ કરવા ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાં કોઈ બીજી વ્યક્તિ રહેતી હતી. જેથી તેમણે ફરિયાદ કર્યા બાદ તે ફરાર થઈને યુએઇ પહોંચી ગયો હતો.

**દેશમાં પ્રથમવાર પ્રદૂષણ નિયંત્રણ માટે સુરતે પોલિસી તૈયાર કરી**

# સુરતમાં ઇ-વ્હીકલ પોલિસીની જગ્યાએ હવે ગ્રીન વ્હીકલ પોલિસી લાગુ કરવાની તૈયારી

**ઇ-વ્હીકલ** ટેક્સમાં 50% છૂટ, ઇ-ઓટો રજિસ્ટ્રેશન ફરજિયાત

સુરતઃ પર્યાવરણની જાળવણી અને પ્રદૂષણ નિયંત્રણ માટે દેશમાં પ્રથમવાર સુરત શહેરે ગ્રીન ઇ-વ્હીકલ પોલિસી તૈયાર કરી છે, જે વિશ્વના અન્ય શહેરોમાં પણ અગાઉ જોવા મળી નથી. SMC દ્વારા આ પોલીસીનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે, જે 15 જુલાઈ, 2025 સુધીમાં અમલમાં આવશે. આ પોલિસી હેઠળ ઇલેક્ટ્રિક વાહનોની ખરીદી પર 50 ટકા સુધી વ્હીકલ ટેક્સમાં છૂટ આપવાનું આયોજન છે, જેનાથી શહેરીજનોને ઇ-વ્હીકલ અપનાવવા પ્રોત્સાહન મળશે.

પોલીસીમાં ઓટોરિક્ષાઓને ઇલેક્ટ્રિક ઓટો (ઇ-ઓટો) તરફ રૂપાંતરિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સુરતમાં 2006થી CNG રિક્ષાઓનું રજિસ્ટ્રેશન ફરજિયાત હતું, પરંતુ CNG વાહનોના એન્જિનની ગરમી વાતાવરણનું તાપમાન વધારે છે. હાલમાં, આરટીઓ રેકોર્ડ પ્રમાણે શહેરમાં માત્ર 30,000 રિક્ષાઓ રજિસ્ટર્ડ છે, જ્યારે 1.5 લાખ રિક્ષાઓ શહેરમાં ફરે છે. આમાંથી મોટાભાગની 15 વર્ષ જૂની રિક્ષાઓ છે,

### વ્હીકલ ટેક્સ સરભર કરવા સરકાર પાસેથી ગ્રાન્ટ મંગાશે

નવી ગ્રીન ઇ-વ્હીકલ પોલીસીમાં ઇ-વ્હીકલ ખરીદનારાઓને 50% ટેક્સ છૂટ આપવાની યોજના છે. આ છૂટછાટથી SMCની ટેક્સ આવક પર અસર પડે તેવી શક્યતાને ધ્યાનમાં રાખી, કેન્દ્ર સરકાર પાસેથી ફંડ મેળવવાની જોગવાઈ પણ પોલીસીમાં સામેલ કરાઈ છે.

### જમશેદપુર અને દિલ્હી બાદ હવે સુરતમાં પણ હાઇડ્રોજન બસના ટ્રાયલની તૈયારી

દિલ્હી અને જમશેદપુરમાં હાઇડ્રોજન બસના સફળ ટ્રાયલ બાદ, સુરતમાં પણ આ પ્રયોગ શરૂ કરવા માટે હજીરા સ્થિત દેશના સૌથી મોટા હાઇડ્રોજન પ્લાન્ટ સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે. આ પ્લાન્ટ સાથે રિફિલિંગ સેન્ટર સ્થાપવા માટે પણ ચર્ચા ચાલી રહી છે.

## પુણામાં લગ્નના એક જ વર્ષમાં પરિણીતાનો ફાંસો ખાઇ આપઘાત

સુરતઃ પુણાગામ ખાતે પરિણીતાએ લગ્નના એક વર્ષમાં જ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્ર જલગાંવ જિલ્લાના ખંડાલા ગામના વતની અને હાલમાં પુણાગામના સુભાષનગરમાં રહેતા ગણેશભાઈ પાટીલ 19 વર્ષીય પત્ની મોનિકા સહિતના પરિવાર સાથે રહે છે. એક વર્ષ પહેલા જ તેમના લગ્ન થયા હતા. તેઓ હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. શનિવારે બપોરે તેમની પત્ની મોનિકાએ માતા અને બહેન સાથે મોબાઈલ ફોન પર વાતચીત કર્યા બાદ ઘરમાં છતમાં લગાવેલા લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેણે કયા કારણોસર આપઘાત કર્યો તે રહસ્ય અકબંધ રહ્યું છે.

## પાંડેસરામાં પત્ની સાથેના ઝઘડાથી ત્રસ્ત યુપીવાસી શ્રમજીવી યુવકનો આપઘાત

સુરતઃ પાંડેસરા ખાતે રહેતા અને ડાઈંગ પ્રિન્ટિંગ મિલમાં નોકરી કરતા યુવકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. યુવકે પત્ની સાથે કોઈક ને કોઈક વાતને લઈને થતા ઝઘડાઓથી કંટાળી અંતિમ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશ મિરઝાપુરના વતની અને હાલ પાંડેસરાની શંખેશ્વર સોસાયટીમાં રહેતા 23 વર્ષીય પંકજ રામપ્રસાદ ગુપ્તાના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. પંકજ ડાઈંગ પ્રિન્ટિંગ મિલમાં નોકરી કરી પત્ની સહિતના પરિવારનું ભરણપોષણ કરતો હતો. પંકજને તેની પત્ની સાથે કોઈકને કોઈક વાતને લઈને ઝઘડાઓ થતા હતા. જેનાથી કંટાળી પંકજે ઘરે પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ ભેસ્તાન પોલીસ કરી રહી છે.

## લિંબાયતમાં કિશોરીના શરીર પર હાથ ફેરવી ચેનચાળા કરનાર વિધર્મી ઝડપાયો

સુરતઃ લિંબાયતના મીઠીખાડી ખાતે રહેતા કિશોરે ડિંડોલી ખાતે રહેતી કિશોરી સાથે મિત્રતા કરી તેના શરીરે હાથ ફેરવી અશ્લીલ ચેનચાળા કરી છેડતી હતી. જેથી પોલીસે ગુનો દાખલ કરી તેની અટકાયત કરી હતી.

ડિંડોલી પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના લિંબાયત મીઠીખાડી પાસે આવેલા ગુજરાત સ્લમ બોર્ડ ખાતે રહેતા વિધર્મી કિશોરે ડિંડોલી વિસ્તારમાં રહેતી 17 વર્ષીય કિશોરી સાથે મિત્રતા કરી હતી. ત્યારબાદ 21 જૂન 2025ના રોજ તેણે તેના શરીરે હાથ ફેરવી અશ્લીલ ચેનચાળા કરી છેડતી હતી. બનાવ અંગે કિશોરીએ તેની સાથે બનેલી ઘટના અંગે પરિવારને માહિતગાર કર્યા હતા. જેથી પરિવારે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો દાખલ કરી કિશોરની અટકાયતમાં લઇ વધુ તપાસ હાથ ધરી છે.

# વિદાય થયેલા શહેર કોંગ્રેસ પ્રમુખ કાર્યાલયનો સામાન લઈ ગયાની પોસ્ટ ફરતી થતા વિવાદ

**જો** કે કોમ્પ્યુટર અને પ્રિન્ટર સહિતની ચીજો અંગત માલિકીની હોવાથી શિફ્ટ કરી હોવાનો ધનસુખ રાજપૂતનો ખુલાસો

સુરતઃ શહેર કોંગ્રેસમાં નવો વિવાદ સર્જાયો છે. એક દિવસ પહેલાં જ શહેર પ્રમુખ બદલાયા છે ત્યારે પૂર્વ શહેર પ્રમુખ ધનસુખ રાજપૂતને લઈ સોશિયલ મીડિયામાં વિવાદાસ્પદ પોસ્ટ વાયરલ થઈ છે. આ પોસ્ટમાં ખાલી ટેબલના ફોટા સાથે દાવો કરવામાં આવ્યો છે કે, “કોંગ્રેસ કાર્યાલયમાંથી કોમ્પ્યુટર-પ્રિન્ટર ગયું, જૂના પ્રમુખને પાર્ટીએ એટલું આપ્યું છતાં કોમ્પ્યુટર-પ્રિન્ટરમાં જીવ રહી ગયો.” આ પોસ્ટથી કોંગ્રેસના આંતરિક વિવાદો ફરી ચર્ચામાં આવ્યા છે.

### 20 મહીના ભાડુ ચૂકવ્યું અને પટ્ટાવાળાને પણ પગાર આપ્યો : ધનસુખ રાજપૂત

“બધાએ પોતપોતાની જગ્યાએ કાર્યાલય ચલાવ્યા હતા, મેં કોંગ્રેસ કાર્યાલયે કોમ્પ્યુટર-પ્રિન્ટર ટેબલ મૂક્યા હતા, તેથી લઈ જાઉ છું. મારે પણ પાછી ઓફિસ ખોલવાની છે. અત્યાર સુધી બાબુ રાયકા ભાઠેનામાં, હસમુખ દેસાઈ ઉધના-મગદલ્લા રોડ પર, ઇશ્વર ફાર્મમાં ઓફિસ ચલાવતા હતા, ત્યારે કોઈ ચર્ચા થઈ નથી. હું કોંગ્રેસ કાર્યાલયમાં બેઠો એટલે બધું કર્યું. મારી જરૂરિયાતની વસ્તુ હોય તો હું લઈ જાઉ, મારે પણ લોકસંપર્ક ખરો ને. કાર્યાલયનું 20 મહિનાનું ભાડું બાકી હતું, તે ચૂકવ્યું અને પટાવાળાને પગાર આપ્યો છે, નવરા બેઠેલા આવું કર્યા કરે.”

# વ્યાજે લીધેલા 90 હજારના બદલામાં 11.37 લાખ ચૂકવી દીધા છતાં ધમકી

**‘તુ** સુરતના કોઇપણ ખૂણામાં હોય તને પકડીને મારી નાંખીશ’ એવી ધમકી આપી વધુ દોઢ લાખ માંગ્યા

સુરતઃ કતારગામ વિસ્તારમાં રહેતા યુવકે પૈસાની જરૂરિયાત ઉભી થતા અડાજણના વ્યાજખોર પાસે લીધા 90 હજારના બદલામાં રૂ. 11.37 લાખ વ્યાજ અને પેનલ્ટી લગાવી બળજબરીથી કઢાવી લીધા હતા. એટલું ઓછું હોય તેમ વ્યાજખોરે ફરી ફોન કરી તારા ત્રણ મહિના નું 1.50 લાખ વ્યાજ થાય છે તુ પૈસા નહીં ભરે તો તને સુરતના કોઈ પણ ખુણેથી પકડી પાડી તને જાનથી મારી નાંખીસ અને સુરતમાં રહેવાનું મુશ્કેલ કરી દઈશ” અને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના કતારગામ ખાતે આવેલા જનતાનગર સોસાયટીમાં રહેતા મખજીભાઈ નજુભાઈ ભુરિયા મિત્ર વિપુલ સુરેશભાઈ રાજપૂત સાથે સુરત શહેર વિસ્તારના નાકા પરથી મજૂરો એકઠા કરી બાંધકામ સાઈટો પર લાવવા-મુકવા તેમજ દેખરેખનું કામ કરે છે. ત્રણેક વર્ષ પહેલાં તેમની મોહંમદ અલીભાઈ ચોકસી (રહે, બાપુનગર, બોરડી અડાજણ) સાથે થઈ હતી. તેમણે વતનમાં પૈસા મોકલવાના હોવાથી મોહંમદ ચોક્સી પાસે

મખજીભાઈને વતન ખાતે પૈસા મોકલવા હોય અને તેમને જાણવા મળેલ હતુ કે મોહંમદ વ્યાજનો પણ ધંધો કરે છે જેથી મખજીભાઈએ મોહંમદ ચોકસી પાસેથી રૂપીયાની માંગણી કરતા તેણે વ્યાજથી રૂપીયા આપીશ તેમ જણાવ્યું હતું. જેથી મોહમદ પાસેથી જુન-૨૦૨૨માં રોકડા રૂપિયા ૪૦,૦૦૦ માસીક ૧૫ ટકાના વ્યાજે લીધા હતાં. ત્યારબાદ ફરી ૫૦,૦૦૦ મળી કુલ ૯૦,૦૦૦ લીધા બાદ હું બે મહિનાનું વ્યાજ ચૂકવી શકેલ નહીં ત્યાર બાદ તેમણે મોહંમદને વ્યાજ અને પેનલ્ટી ના ૧,૨૦,૦૦૦ ચૂકવી દીધા હોવા છતા મોહંમદ મને અવારનવાર ફોન કરી વ્યાજ નહીં આપીશ તો પેનલ્ટી લાગશે તેમ કહી મખજીભાઈને માનસિક રીતે ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ તેમણે વ્યાજખોરને ટૂકડે ટૂકડે ૬,૯૫,૦૦૦ મળી કૂલ્લે મળી ૧૧,૩૭,૨૫૦ ચૂકવી દીધા હતાં. જેમાંથી મોટે ભાગની રકમ તેમણે ગુગલ પેથી ચૂકવી હતી. તેમ છતાં તેમણે તેમને મારી નાંખવાની ધમકી આપતા તેમની ફરિયાદના આધારે કતારગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# સુરતની ટ્રાવેલ એજન્સીની મહિલા સંચાલકને અમદાવાદના એજન્ટે 31.99 લાખમાં છેતરી

**મહિલાએ** વિદેશમાં વર્ક પરમિટ અને વિઝાના પોતાના ક્લાયન્ટ અમદાવાદના વિઝા એજન્ટને મોકલ્યા હતા

સુરતઃ પાલ ગૌરવ પથ રોડની ઓમ હોલીડેઝ ટ્રાવેલ્સ એજન્સીની મહિલા સંચાલક સાથે અમદાવાદના ગઠીયાએ વિદેશના વર્ક પરમીટ અપાવવાની લાલચ આપીને 31.99 લાખની છેતરપિંડી આચરતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પાલનપુર જકાતનાકા સંત જ્ઞાનેશ્વર સોસાયટીમાં રહેતી પ્રાચીબેન અમિતભાઈ સિંદે પાલનપુર ગૌરવ પથ રોડ સ્થિત ટ્રીમ્સ પ્લાઝામાં ઓમ હોલીડેઝના નામે ટ્રાવેલ્સ એજન્સી ચલાવે છે. જુલાઈ 2024માં પ્રાચીબેનના પતિના મિત્ર મારફતે અમદાવાદ નવા નરોડા પ્રેરણા બંગલામાં રહેતા સંગ્રામસિંહ હરીવિલા સિંહ કુસ્વાહ સાથે પરિચય થયો હતો. સંગ્રામસિંહે પોતે અમદાવાદમાં સક્સેસ ઈમીગ્રેશન અને આઈડિયલ ઈમીગ્રેશન એન્ડ એજ્યુકેશન સર્વિસના નામે વિદેશની વર્ક પરમિટ, સ્ટુડન્ટ વિઝા વગેરેનું કામ કરતા હોવાનું જણાવ્યું હતું. તેણે કેનેડા અને ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ માટે રૂ.9 લાખની ફી વસૂલતો હોવાનું જણાવ્યું હતું. જેથી પ્રાચીબેને તેમને ક્લાઈન્ટ આપવાનું શરૂ કર્યું હતું.

પ્રાચીબેને હાલ સુધીમાં અલગ અલગ ક્લાઈન્ટના વર્ક પરમિટ માટે 31.99 લાખ સંગ્રામસિંહને આપ્યા હતા. દરમિયાનમાં તેમના એક ક્લાઈન્ટ હર્ષ મનહરભાઈ ચૌહાણ (રહે. વલસાડ)ની ન્યૂઝીલેન્ડની વર્ક પરમિટ સંગ્રામ સિંહે મોકલી હતી. વિદેશ જવા માટે નક્કી થયેલી તારીખના બે દિવસ પહેલા સંગ્રામસિંહે ફોન કરીને ‘અમને જે કંપનીએ ઓફર લેટર આપ્યો હતો તે કંપની બંધ થઈ ગઈ છે, બીજી કંપનીનો ઓફર લેટર આપીશ’ એવું કહીને 15 દિવસ પછી પ્લેનની ટિકિટ બુક કરવા જણાવ્યું હતું . જેથી હર્ષે પોતાની ટિકિટ કેન્સલ કરાવી હતી.

જો કે આ અંગે પ્રાચીબેનને શંકા જતા તેમણે તપાસ કરી તો સંગ્રામસિંહે હર્ષને આપેલા તમામ ડોક્યુમેન્ટ્સ ખોટા નીકળ્યા હતા. જ્યારે આ અંગે પ્રાચીબેને સંગ્રામસિંહને આપેલી અન્ય ક્લાઈન્ટની ફાઈલો પરત માંગીને પૈસા પરત માંગ્યા, તો સંગ્રામસિંહે 45 દિવસમાં પૈસા પરત આપવાનો વાયદો કર્યો હતો. જો કે તેને પૈસા પરત આપ્યા નહીં હતા. આખરે પ્રાચીબેને પાલ પોલીસ મથકમાં સંગ્રામસિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે રૂ.31.99 લાખની છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# મનપાએ ફાળવેલા પ્લોટો પર આડેધડ દુકાનોને લીધે ડભોલીમાં પાણી ભરાવાની સમસ્યા વધી

**નિયમ** વિરુદ્ધના બાંધકામથી ટ્રાફિક અને પર્યાવરણીય સમસ્યાથી લોકો પહેલેથી જ પરેશાન હતાં, ત્યાં વરસાદે મુશ્કેલી વધારી

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા આવક વધારવાના બહાને ખુલ્લા પ્લોટની ફાળવણીનો નિર્ણય લેવાયો હતો, જેમાં ન્યૂસન્સ ન થાય અને પર્યાવરણને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવાનું જણાવાયું હતું. જો કે, આ નિર્ણયના અમલમાં ગંભીર ગેરરીતિઓ સામે આવી છે. સ્થાનિકોના આક્ષેપો અનુસાર, પાલિકાએ ભાજપના નેતાઓ અને કાર્યકરોના સગા-સંબંધીઓ કે સંસ્થાઓના નામે આ પ્લોટની લ્હાણી કરી દીધી છે. આ પ્લોટ પર થયેલા નિયમ વિરુદ્ધ બાંધકામોના કારણે ટ્રાફિક સમસ્યા અને પર્યાવરણીય નુકસાન ઉપરાંત હવે ચોમાસામાં પાણીનો ભરાવો થઈ રહ્યો છે, જેનાથી સ્થાનિકો હેરાન-પરેશાન છે.

સુરતમાં ચોમાસાની શરૂઆત થઈ છે અને હજુ ધોધમાર વરસાદ ન હોવા છતાં ડભોલી સહિતના અનેક વિસ્તારોમાં પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે. ડભોલીના હરિદર્શન વિસ્તારમાં ખાડા અને પાણીના ભરાવાથી સ્થાનિકોની હાલત કફોડી બની છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, અગાઉ આ વિસ્તારમાં પાણી ભરાતું હતું તેનો ઉકેલ તો આવ્યો જ નથી, ત્યાં હવે પાલિકાએ ફાળવેલા પ્લોટ પર નિયમ વિરુદ્ધ પતરાના શેડથી દુકાનો તાણી દેવાઇ છે.

જેના કારણે વરસાદી પાણીના કુદરતી વહેણના માર્ગો પર દુકાનો અને પતરાની આડાશને કારણે પાણી અવરોધાતા સમસ્યા વધી ગઇ છે.

**વરસાદનું આવરણ** વરસાદી માહોલ શરૂ થતાં જ હોલસેલનો વેપાર શરૂ થાઇ જાય છે

# બેલ્ટવાળા રેઈનકોટ મહિલાઓમાં ધૂમ મચાવી રહ્યાં છે

**ચોમાસાની** ઋતુમાં સુરતમાં છત્રી, રેઈનકોટ, તાળપત્રીનો 15 થી 20 કરોડનો વેપાર થઇ જાય છે

સુરતઃ માત્ર ત્રણ મહિના ચાલતા રેઈનકોટ અને છત્રીનો સિઝનેબલ બિઝનેશ 15થી 20 કરોડનો છે. જૂન મહિનાથી આ વેપાર શરૂ થાય છે અને સુરતમાં ડબગરવાડ, ચૌટાપુલ અને ભાગળ છે. અહીં તમામ પ્રકારના અલગ અલગ વેરાયટીના રેઈનકોટ તેમજ છત્રી મળે છે. ઉપરાંત તાડપત્રીનુ વેચાણ પણ આ દિવસોમાં પણ ઘૂમ થાય છે.

માત્ર અઢીથી ત્રણ મહિના શુધી ચાલતા આ શિઝનેબલ વેપારમાં વેપારીઓ 20 કરોડથી પણ વધૂનો માલ વેચી નાંખતા હોય છે.

ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે.



**(તસવીર : સતીષ જાદવ)**

લગભગ દરેક વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. જેથી બજાર, શાળા અને નોકરીએ જતા લોકોને રેઈનકોટ અને છત્રીની જરૂરિયાત ઊભી થઈ રહી છે. અઢીથી ત્રણ મહિનાં દરમિયાન છત્રી અને રેઈનકોટની દુકાનોમાં લોકોની ભીડ જોવા મળતી હોય છે. દર વર્ષે રેઈનકોટ અને છત્રીઓમાં નવી નવી વેરાયટી આવતી હોય છે. જેના તરફ લોકો વધુ આકર્ષાય છે. આ વર્ષે બજારમાં નાના-બાળકો માટે વિવિધ પ્રકારની છત્રી 150 થી રૂ 200

### મેટ્રો રેલની કામગીરીને કારણે વેપાર ઉપર માઠી અસર

ભાગળ-ટાવર રોડ પર મેટ્રોરેલ પ્રોજેક્ટને કારણે દુકાનદારોનાં ધંધા ભાંગી પડ્યાં છે. આ પ્રોજેક્ટને કારણે દુકાનદારો સવારે શટર ઊંચુ કરવાની અને સાંજે પાડવા સિવાય અન્ય કોઇ કામ કરતાં નથી કારણ કે ગ્રાહક આવતા જ નથી.

ભાગળ ટાવર રોડ સ્થિત રેઈકોટનાં વેપારી જીમ્મીભાઈ બોધાનવાલા તથા તાળપત્રીનાં વેપારી સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતુ કે, સુરત જેવા શહેરમાં કારીગરોનો વર્ગ વધુ છે, તેઓ રેઈનકોટની જગ્યાએ છત્રીનો ઉપયોગ વધુ કરે છે. તેથી વરસાદી સિઝનમાં છત્રીનો ઉપાડ વધી જતો હોય છે. એક અંદાજ મુજબ રેઈનકોટ, છત્રી અને તાડપત્રીનો વેપાર 15થી 20 કરોડને આંબી જાય છે.

## મહિધરપુરામાં હીરા વેપારી સાથે રૂ.7.76 લાખની ઠગાઈ

સુરતઃ મહિધરપુરા હીરાબજારમાં વેપાર કરતા હીરા વેપારી પાસેથી સાત દિવસમાં પેમેંટ કરવાની શરતે બે દલાલોએ રૂ. 7.76 લાખના હીરા લીધા બાદ સમયસર નાણાં નહિ ચૂકવી હાથ ઉંચા કરી દીધા હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. પાલ ખાતે આવેલા સોમ ચિંતામણીમાં રહેતા જેશલ હસમુખભાઈ શાહ મહિધરપુરા હીરા બજારમાં હીરાનો વેપાર કરે છે. અડાજણ શ્રીરામ પેટ્રોલ પંપ પાસે આવેલા સાગર કોમ્પલેક્સમાં રહેતા કિર્તિભાઈ ભરતભાઈ ગાંધી તથા વસ્તાદેવડી રોડ કીરણ હોસ્પિટલની સામે આવેલા વિદ્યાનંદ સ્વામી કોમ્પ્લેક્ષમાં રહેતા લોકેશભાઈ સનતકુમાર દોશીએ તારીખ 17થી 28 મે 2025ના સમયગાળા દરમિયાન તેમની પાસેથી 7,76,933ની કિંમતના 327.34 કેરેટ સીવીડી હીરા ખરીદી પેમેન્ટ નહીં કરી ઠગાઇ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વાસ પર ચાલતા હીરા ઉદ્યોગમાં આ પ્રકારની ઠગાઈની ઘટનાઓ વધી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### દાઉદી વ્હોરા સમાજના ઝોએબ ભાઇસાહેબ શેહાબીની કારમી વિદાય



સુરતઃ દાઉદી વ્હોરા સમાજના સુરતમાં ઝોએબ ભાઇસાહેબ શહાબુદ્દીન છેલ્લા પાંત્રીસ વર્ષથી સૈયદના સાહેબના આમિલના સહાયક તરીકેના પદ પર સેવા આપી રહ્યા હતા. 86 વર્ષની વયના ઝોએબ કેટલાક સમયથી નાદુરસ્ત તબિયતને કારણે તેઓ મુંબઇ ખાતે સૈફી હોસ્પિટલમાં ઇલાજ કરાવતા હતા. તેઓ ત્યાં જ ગુઝરી જવાથી મૈયતની નમાઝ ફોર્ટનાં બદરી મહેલની મસ્જિદમાં થઇ હતી અને દફનવિધિ મુંબઈમાં ચર્નીરોડ ખાતેના કબ્રસ્તાનમાં થઇ. મૈયતની નમાઝ આલીકદર સૈયદના સાહેબના શાહઝાદા હુશેનભાઇ સાહેબે પઢાવી હતી.

### લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં “વર્લ્ડ યોગા ડે“ની ઉજવણી કરાઈ




સુરતઃ 21મી જૂને ‘વર્લ્ડ યોગા ડે’ દિવસ નિમિત્તે લાલભાઈ કોન્ટ્રાક્ટર ક્લબમાં યોગના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લાલભાઈ કોન્ટ્રાક્ટર ક્લબના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ૪૫૦થી વધારે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી કમિટી તરફથી SDCAનાં ઉપપ્રમુખ અમિતભાઈ ગજ્જર, હિતેન્દ્રભાઇ મોદી, અશ્વિનભાઈ ભાદાણી, પ્રમોદભાઈ મદ્રાસી, અનિલભાઈ જુનેજા, હરીશભાઈ ઉમરીગર, નિસર્ગ પટેલ, સંજયભાઈ પટેલ, ગોવિંદભાઈ મોદી તથા અન્ય કમિટી મેમ્બર હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન યુટિલિટી કમિટીના ચેરમેન મિતુલ મહેતા અને અશ્વિનભાઈ ભાદાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જે મેમ્બર્સે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું તેઓને ટીશર્ટ અને યોગ કરવા માટેની મેટ ગિફ્ટમાં આપવામાં આવી હતી.

### પીડી વિધાકુંજ અંગ્રેજી માધ્યમમાં ઓપરેશન સિંદૂરની થીમ પર યોગદિનની ઉજવણી




સુરત : અમારી શાળા શ્રીમતી પાર્વતીબેન દેસાઇ વિધાકુંજ પ્રિ-પ્રાઇમરી અંગ્રેજી માધ્યમમાં વિશ્વ યોગ દિનની ઉજવણી આચાર્યા શ્રીમતી જયોતિકા રામનાનીના નેતૃત્ત્વ હેથળ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિનીઓએ ૐકાર, વજાસન, યોગ મુદ્રાસન, પશ્ચિમોતસન, વક્રાસન, સેતુબંધ-આસન જેવા આશનો કર્યા હતાં.અંતમાં કાર્યક્રમની પુર્ણાહુતી યોગાસે હી હોગાના સ્લોગનથી કરવામાં આવી હતી. પહેલગામ આંતકવાદી હમલામાં મરણ પામેલ શ્વજનોને યોગાસનમાં સિંદુર બનાવી શ્રધ્ધાજંલિ આપી હતી આભાર.

### મુસ્લિમ સમાજના બોર્ડના તેજસ્વી વિધાર્થિઓનું મેમણ હોલમાં સન્માન




સુરતઃ જુનેદભાઈ ઓરાવાલા દ્વારા રવીવારે વર્ષ 2024-25માં બોર્ડની પરીક્ષામાં ધોરણ 10 અને ધોરણ 12 માં પાસ થયેલા A1.A2.અને B1 ગ્રેડમાં પાસ થયેલા તમામ ધર્મના વિધાર્થીઓ માટે સન્માન સમારોહનું આયોજન સુરતના ચોક બજાર ખાતે મેમણ હોલમાં રાખવામાં આવ્યું હતુ જેમાં 250 થી વધારે વિધાર્થીઓને ગિફ્ટ તેમજ મેડલ આપવામાં આવ્યું હતું. તેની સાથે જ સૂરત શહેરના મહાનુભાવો મુખ્ય મહેમાન તરીકે આવ્યા હતા,જેમાં સુરત પોલીસ વિભાગ એસ.ઓ.જી ના પી.આઈ અતુલ સોનારા, એડવોકેટ હસમુખભાઈ લાલવાલા, એડવોકેટ કેતનભાઇ રેશમવાલા તથા પદ્મશ્રી યઝદીભાઈ કરંજીયા ડોક્ટર દેવાંગભાઈ દેસાઈ, એડવોકેટ કલ્પેશભાઈ દેસાઈ, મેમણ સમાજના ફારૂકભાઈ ચાંદીવાલા, આસિફભાઇ બિસ્મિલ્લા ઉપસ્થિત રહ્યાં હતાં.

### અદાણી ફાઉન્ડેશન-હજીરા દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



સુરત : અદાણી ફાઉન્ડેશન હજીરા દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. નવચેતન વિદ્યાલય ખાતે સ્વયં અને સમાજ માટે યોગ થીમ હેઠળ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.અદાણી ફાઉન્ડેશન હજીરા બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ છે.યોગ ઇન્સ્ટ્રક્ટર ઉર્વશીબેને વિદ્યાર્થીઓને વિવિધ યોગાસનોની પ્રેક્ટિકલ માહિતી આપી હતી. તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન અને સવાસનનું પ્રત્યક્ષ નિદર્શન કરી શ્વાસ નિયંત્રણની તકનીકો શીખવવામાં આવી હતી. ધોરણ 10 અને 12 બોર્ડના વિદ્યાર્થીઓને તનાવમુક્ત કરતી મુદ્રાઓ પરીક્ષા સમયે ખૂબ જ સહાયરૂપ થાય છે.